Gujarat Pranam, 20 January 2009

ભારતના મોટા ટ્રાવેલ સપ્લાયરો સાથે સહયોગ સાધવાનું એટમ ટેક્નોલોજીસનું આયોજન

મુંબઈ, એટમ ટેક્નોલોજીસ લગભગ ૨૫ ટ્રાવેલ સપ્લાયરોની એમ-પેમેન્ટ (મોબાઇલ પેમેન્ટ) સેવાઓ માટેતેમની સાથે સહયોગ સાધવાનું આયોજન કરી રહી છે. એરલાઇન્સ, ટુર ઓપરેટર્સ, ઓનલાઇન ટ્રાવેલ એજન્ટ્સ અને હોટેલોનાગ્રાહકો મોબાઇલથી પેમેન્ટ કરી શકે એવી વ્યવસ્થા કરી આપવા તેમની સાથે એટમ નિકટનો સહકાર સાધવા પ્રયત્નશીલ છે:

ફ્લાયફ્રેઝી, ઓક્સફર્ડ ટ્રાવેલ્સ, ટિકિટવાલા, વગેરે જેવી ટ્રાવેલ એજન્સીઓએ હાલમાં આ સેવાઓ લેવાનું શરૂ કર્યું છે. કંપની મોટા ટ્રાવેલ સપ્લાયરો સાથે સહયોગ સાધવા ઉપરાંત વર્ષ ૨૦૦૯ના મધ્ય ભાગ સુધીમાં શ્રીલંકાની માર્કેટમાં પ્રવેશ કરવા ધારે છે. તેણે વર્ષ ૨૦૦૮ના મધ્ય ભાગમાં મધ્ય પૂર્વના દેશોની માર્કેટમાં પ્રવેશ કર્યા બાદ ત્યાંની કંપનીઓએ પોતાની મોબાઇલ પેમેન્ટ સેવાઓ માટે જબ્બર પ્રતિસાદ આપ્યો છે. હાલમાં કંપની એકલા દુબઇમાં દર રોજ લગભગ ૨,૨૦,૦૦૦ રૂપિયાનો બિઝનેસ કરે છે. આગામી મહિનાઓમાં તે વધુ દેશોમાં પ્રવેશ કરવાનું આયોજન ધરાવે છે.

એટમ ટેક્નોલોજીસના ચીફ માર્કેટિંગ ઓફિસર શ્રી નિરંજન ગોસાવીએ જણાવ્યા મજબ માર્ચ, ૨૦૧૦ સુધીમાં તમામ મોટા ટ્રાવેલસર્વિસ પ્રોવાઇડરો સાથે સહયોગ કરવાનું અમારું આયોજન છે. મોબાઇલ પેમેન્ટની સેવા શરૂ કરવામાં મોખરે હોય એવા ઉદ્યોગોમાંટ્રાવેલ ઉદ્યોગ પણ સામેલ છે. આમ, અમે ખરા સમયે ખરા ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શરૂઆતમાં અમે એરલાઇન્સ અનેઓનલાઇન ટ્રાવેલ એજન્ટ્સને અને પછીથી ટુર ઓપરેટર્સ અને હોટેલિયરોને સેવાઓ પૂરી પાડશું.